ન્યાયની અદાલતમાં સરકાર પક્ષે અપીલ કરવામાં થતો વિલંબ નિવારવા તથા વિલંબ માટે જવાબદાર સામે કાર્યવાહી કરવા અંગે.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
૧૪/૧, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:- પરચ/૧૦૨૦૧૧/કા.અ./૨૫૫૯૯/૧/ગ
તા.૨૨/૦૨/૨૦૧૧

પરિપત્ર,

માર્ગ અને મકાન વિભાગને લગતી બાબતો અંગે નામ.કોર્ટો તરફથી આવેલ ચૂકાદાઓની સમિક્ષા કરતાં એવુ ધ્યાન ઉપર આવેલ છે કે જે કેસોમાં સરકાર વિરૂધ્ધ ચૂકાદાઓ આવેલ હોય અને તેની સામે સરકાર પક્ષે અપીલ કરવાની થતી હોય તેવા કેસોમાં સરકારની (કાયદા વિભાગ)ની મંજુરી મેળવી અપીલ/ એલ.પી.એ./એસ.એલ.પી. ફાઇલ કરવામાં ઘણો બિનજરૂરી વિલંબ થતો હોય છે.

આવી બાબતમાં વિલંબ નિવારવા માટે ચૂકાદો આવે કે તરત જ સતર્કતા રાખી સંબંધિત વકીલ ધ્વારા ચૂકાદાની પ્રમાણિત નકલ માટે અરજી તે જ દિવસે સંબંધિત અદાલતને આપી દેવી તથા ચૂકાદા ની કાચી નકલ પરત્વે જરૂરી કાર્યવાહી તરત જ હાથ ધરવી. India Limitation Act અન્વયે જો ચૂકાદો પડકારવાની જરૂર જણાતી હોય તો સદરહુ કાયદા ધ્વારા નિશ્ચિત કરવામાં આવેલ સમયમર્યાદા દરમિયાન ચૂકાદો પડકારવાની કાર્યવાહી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું અન્યથા આવા વિલંબ અંગે સંબંધિત કર્મચારી સામે નામ. સુપ્રિમ કોર્ટના નીચે દર્શાવ્યા મુજબના આદેશ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની રહેશે. કારણ કે, અપીલ કરવા માટે થયેલ વિલંબ માટે આ કાર્યવાહીમાં જે તે તબક્કે નિર્ણય કરવામાં થયેલ સમય અંગેની તારીખવાર વિગતો સાથે Delay Condensationની અરજી ફાઇલ કરવી પડે છે. આવી Delay Condensation ની અરજી નામ. કોર્ટ ગ્રાહ્ય રાખે ત્યાર પછી મૂળ અપીલ અંગે નામ. કોર્ટમાં કાર્યવાહી ચાલે છે. જો આવી 'ડીલે કોન્ડોનેશન' ની અરજી અસહય વિલંબના વ્યાજબી કારણો ન જણાય અને તે ગ્રાહ્ય ન રહે તો વિભાગ/ સરકારે કરેલ મુખ્ય અપીલ અસહય વિલંબના ટેકનીકલ કારણસર રદ થાય છે. આમ સરકાર પક્ષે સાચી અને ન્યાયી બાબતમાં પણ અપીલ રદ થવાથી વહીવટી અને આર્થિક રીતે સહન કરવાનો પ્રસંગ બને છે. આમ સરકાર પક્ષે સમયસર અપીલ ફાઇલ ન થવાને કારણે ન્યાયી અને વ્યાજબી કેસોમાં સહન કરવાનું આવે છે.

આ વિભાગના તા.૩૧-૧-૨૦૧૧ ના પત્ર અન્વયે મોકલેલ નામ. સુપ્રિમ કોર્ટ સ્ટેટ ઓફ ઝારખંડ અને બીજાઓ વિરુધ્ધ ક્રિષ્ના પ્રધાન અને બીજાઓના કેસ એસ.એલ.પી.(સી) નં.૨૯૨૭૫ ઓફ ૨૦૧૦ ના કેસમાં જણાવેલ છે કે નામ. કોર્ટમાં અપીલ કરવામાં વિલંબ થાય તેવી કાર્ય પ્રણાલિકા ઘણાં રાજ્યોમાં અધિકારીઓ ધ્વારા નિયમિત રીતે અપનાવાય છે અને તેના બચાવમાં "તુમારશાહી" (વહીવટી પ્રક્રિયામાં વિલંબ થયાનું જણાવે છે. જે હરગીજ ચલાવી શકાય નહી. આવી વિલંબીત પ્રક્રિયામાં વિલંબ માટે જવાબદાર જણાતા અધિકારી/ કર્મચારી સામે જવાબદારી નકકી કરી સખત શિક્ષાની કાર્યવાહી થવી જોઈએ. જેથી વિલંબવાળી કાર્ય પ્રણાલિકાને જડમૂળથી દૂર કરી વેગવાન અને કાર્યક્ષમ કાર્ય પધ્ધતિનો સમગ્ર દેશમાં અમલ શકય બને અને ભવિષ્યમાં વિલંબના કારણોસર સરકાર પક્ષે અપીલ અંગેના વ્યાજબી અને ન્યાયી કેસોમાં સહન કરવાના પ્રસંગો ન બને.

ઉપર જણાવેલ બાબતને ધ્યાનમાં લઈને વિભાગના સર્વે અધિકારી/ શાખાઓ/ વર્તુળ/ વિભાગીય/ પેટા વિભાગીય કચેરીઓના વડાઓને જણાવવાનું કે જ્યારે નામ. કોર્ટના સરકાર વિરુધ્ધના ચુકાદાઓના સંદર્ભમાં જયારે અપીલ/એલપીએ કે એસ.એલ.પી કરવાનું આવશ્યક જણાય ત્યારે તેમાં ઉપર જણાવેલ સમય મર્યાદા અચૂક જળવાય તે જોવું. જેમાં સરકારશ્રી (કાયદા વિભાગ) ની મંજૂરી મેળવવાની જરૂર હોય, ત્યારે સરકારી વકીલના અભિપ્રાય સાથે વિભાગના અધિકારી સાથે રૂબરૂ પરામર્શ કરી, કાર્યવાહી કરવી. જેથી તેમાં થતો વિલંબ નિવારી શકાશે. તેમ છતાં જો સૂચનાઓનું પાલન નહી થાય અને અપીલની કાર્યવાહીમાં બિનજરૂરી વિલંબ થશે તો તે માટે જણાવ્યા મુજબ જવાબદાર જણાતા અધિકારી/ કર્મચારી સામે સખત શિક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.કે. ભટ્ટ)
કાયદા અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, માર્ગ અને મકાન વિભાગ, પાટનગર યોજના મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.ના મંત્રીશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ અને અધિક સચિવશ્રી. મા.મ.વિ. સચિવાલય, ગાંધીનગર.
- સર્વે નાયબ સચિવ/ખાસ ફ. ૫.ના અધિકારી/ ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સ્થપતિ તથા નગર નિયોજકશ્રી, ગાંધીનગર.
- સર્વે વર્તુળ કચેરીઓ/ વિભાગીય / પેટા વિભાગીય કચેરીઓ, મા.મ.વિ. ગાંધીનગર.

આ પરિપત્ર વિભાગના ઇનચાર્જ વેબસાઇટ ઉપર મૂકવા માટે Upload કરી મુકવા સારું